| | |
|---|---|
| દાખલ તારીખ | 06/05/2019 |
| રજી. તારીખ | 06/05/2019 |
| ફેસલ તારીખ | 14/07/2023 |
| અવધિ | વર્ષ માસ દિવસ |

**મહે. એડીશનલ ચીફ મેટ્રોપોલીટન મેજિસ્ટ્રેટ સાહેબની કોર્ટ નં. જમાં, મું. અમદાવાદ.**

**ક્રિમીનલ કેસ નં:38398/2019**

**આંક:**

**ફરિયાદી:–** સરકારશ્રી

**વિરુધ્ધ**

આરોપી :-

1) મોહમંદ અસલમ સગીર અહેમદ અંસારી

2) શબનમ મોહમંદ અસલમ અંસારી

બંને રહે - મ.નં-૧૨૧, હલીમબાઈની ચાલી, ઉકા સિનેમા રોડ, ગોમતીપુર, અમદાવાદ

3) શહેનશાહ સગીર અહેમદ અંસારી

રહે - મ.નં-૨૬, દેવીપ્રસાદ ની ચાલી, ઉકા સિનેમા રોડ, ગોમતીપુર, અમદાવાદ

4) શાફીઉદ્દીન @ સજ્જનભાઈ નિજામુદ્દીન અંસારી

રહે - ૧૧૩/૫૯૧, ગુ.હા.બોર્ડ, બાપુનગર, અમદાવાદ

5) મહમંદ અશરફ મોહમંદ સગીર અંસારી

રહે - મ.નં-૬૨, બાઈહલીમાની ચાલી, ઉકા સિનેમા સામે, ગોમતીપુર, અમદાવાદ

**ગુનો: ઈ.પી.કો. કલમ– 498(ક), 506(2), 114 તથા દહેજ પ્રતિબંધક ધારો કલમ 3, 7 મુજબના ગુનાના કામે.**

ફરીયાદપક્ષ તરફે વિ.વ.શ્રી. આર. પી. ગોસ્વામી

આરોપીપક્ષ તરફે વિ.વ.શ્રી. એમ. એમ. શેખ

**–:જ જ મે ન્ટ:–**

**(૧)** આ કામે ફરીયાદપક્ષની ટૂંકમાં હકીકત એવી છે કે, આ કામનાં ફરિયાદીના લગ્ન ગઇ તા. ૧૦/૪/૧૧ ના રોજ મુસ્લીમ સરિયત મુજબ આરોપી નં. ૫ સાથે થયેલ. બંને લગ્ન બાદ

ફરિયાદીને તેની સાસરીમાં તેના પતિ અવાર નવાર તેના પિતાજીના ઘરેથી ઘર ખર્ચનાં તથા મોજશોખના પૈસા અવારનવાર માંગણી કરી તેમજ કામકાજ બાબતે બોલાચાલી ઝઘડા કરતા અને ફરિયાદીને દિકરી નામે માયરા ઉ.વ. પોણા બે વર્ષની થયેલ હોવાથી આરોપી નં. ૧,૨,૫ નાઓ ફરિયાદીને મેણાટોણા તથા માર મારતાં. આરોપી નં. ૩ અવારનવાર ફરિયાદીની સાસરીમાં આવી આરોપી નં. ૫ની ચઢામણી કરી ફરિયાદીને માર ખવડાવતા તેમજ દહેજની માંગણી આરોપીઓએ કરી, ફરિયાદી સાથે ઝઘડો કરી, શારિરીક માનસિક ત્રાસ આપતા, ફરિયાદી કંટાળી જઇ તા. ૧૯/૫/૨૦૧૮ ના રોજ ક. ૨૦/૦૦ વાગે પોતાનાં પિયરમાં આવી ગયેલ. જેથી આરોપી નં. ૫નાએ ફરિયાદીને ફોન ઉપર ઘરે પરત આવી જવાનું કહેતા, ફરિયાદીએ રાત્રે દસ વાગે ઘરે આવવાનું કહેતા, આરોપી નં. ૫ નાઓ ઉશ્કેરાઇ જઇ મોબાઇલ ફોન ઉપર ત્રણ વાર તલાક આપી દીધેલ. જેથી ફરિયાદી તથા સાહેદ નં. ૨ અને ૩ નાઓ સાથે સાસરીમાં જતા આરોપી નં.૫નાએ ત્રણ વાર તલાક આપી દીધેલ તેમજ તમારાથી થાય તેમ કરી લો તેમ કહી ધમકી આપી આરોપીઓએ એકબીજાની મદદગારી કરી પાછળથી પકડાઇ જઇ એ મુજબનો ગુનો કરી ધી ઈ.પી.કો. કલમ 498(ક), 506(2), 114 તથા દહેજ પ્રતિબંધક ધારો કલમ 3, 7 મુજબનો ગુનો ગોમતીપુર પોલીસ સ્ટેશન ફ. ગુ.ર.નં. ૬૩/૧૮ થી નોંધાયેલ. તે સંદર્ભે તપાસ કરનાર અમલદારે જરૂરી કાર્યવાહી હાથ ધરી આરોપીઓ વિરૂધ્ધ પુરતો પુરાવો જણાતા ચાર્જશીટ કરતા હાલનો કેસ ઉપસ્થિત થયેલ છે.

(૨) ઉપરોકત ગુનાની ફરીયાદના સંદર્ભમાં આ કામના આરોપીઓને સમન્સ કાઢતાં મુદતે કોર્ટ સમક્ષ હાજર થતાં ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ–૨૦૭ મુજબ પોલીસ તપાસના કાગળો વિના મુલ્યે મળ્યાની ખાત્રી કર્યા બાદ આરોપીઓ સામેનો ગુનો વોરંટ ટ્રાયેબલ હોઈ આંક– ૩ થી આરોપી સામે તહોમતનામું ફરમાવી આંક– ૪ થી ૮ દ્વારા આરોપીનું નિવેદન લેતાં તેઓએ ગુનાનો ઇન્કાર કરેલ છે. તેથી કેસની કાર્યવાહી આગળ ચલાવવામાં આવેલ છે.

(૩) આ કામે ફરીયાદપક્ષે મારી સમક્ષ નીચે મુજબના લેખિત તેમજ મૌખિક પુરાવાઓ રજુ કરેલ છેઃ

**<u>મૌખિક પુરાવા</u>**

આંક–૧૦થી ફરીયાદી શમા પરવીન મો. અશરફ મો. સગીર અનસારીનાઓની જુબાની

**<u>દસ્તાવેજી પુરાવા</u>**

આંક–૧૧થી ફરીયાદ

આ સિવાય ફરીયાદપક્ષે લેખિત કે મૌખિક પુરાવાઓ રજુ કરેલ નથી અને

આંક–૧૨ થી ક્લોઝીંગ પુરસીસ રજુ કરેલ છે.

(૪) આ કામે બંને પક્ષકારોના વકીલશ્રીઓને મૌખિક રીતે સાંભળવામાં આવેલ છે. ત્યારબાદ આ કામે પુરાવાના અંતે આરોપીઓનું વિશેષ નિવેદન લેવા યોગ્ય પુરાવો ન હોઈ આરોપીઓનું વિશેષ નિવેદન લેવામાં આવેલ નથી.

(૫) આ કામે મારા ન્યાયનિર્ણય માટે નીચે મુજબના મુદ્દા ઉપસ્થિત થાય છેઃ

(૧) શું ફરીયાદપક્ષ નિ:શંકપણે સાબિત કરે છે કે, આ કામનાં ફરિયાદીના લગ્ન ગઇ તા. ૧૦/૪/૧૧ ના રોજ મુસ્લીમ સરિયત મુજબ આરોપી નં. ૫ સાથે થયેલ. બંને લગ્ન બાદ ફરિયાદીને તેની સાસરીમાં તેના પતિ અવાર નવાર તેના પિતાજીના ઘરેથી ઘર ખર્ચનાં તથા મોજશોખના પૈસા અવારનવાર માંગણી કરી તેમજ કામકાજ બાબતે બોલાચાલી ઝઘડા કરતા અને ફરિયાદીને દિકરી નામે માયરા ઉ.વ. પોણા બે વર્ષની થયેલ હોવાથી આરોપી નં. ૧,૨,૫ નાઓ ફરિયાદીને મેણાટોણા તથા માર મારતાં. આરોપી નં. ૩ અવારનવાર ફરિયાદીની સાસરીમાં આવી આરોપી નં. ૫ની ચઢામણી કરી ફરિયાદીને માર ખવડાવતા તેમજ દહેજની માંગણી આરોપીઓએ કરી, ફરિયાદી સાથે ઝઘડો કરી, શારિરીક માનસિક ત્રાસ આપતા, ફરિયાદી કંટાળી જઇ તા. ૧૯/૫/૨૦૧૮ ના રોજ ક. ૨૦/૦૦ વાગે પોતાનાં પિયરમાં આવી ગયેલ. જેથી આરોપી નં. ૫નાએ ફરિયાદીને ફોન ઉપર ઘરે પરત આવી જવાનું કહેતા, ફરિયાદીએ રાત્રે દસ વાગે ઘરે આવવાનું કહેતા, આરોપી નં. ૫ નાઓ ઉશ્કેરાઇ જઇ મોબાઇલ ફોન ઉપર ત્રણ વાર તલાક આપી દીધેલ. જેથી ફરિયાદી તથા સાહેદ નં. ૨ અને ૩ નાઓ સાથે સાસરીમાં જતા આરોપી નં.૫નાએ ત્રણ વાર તલાક આપી દીધેલ તેમજ તમારાથી થાય તેમ કરી લો તેમ કહી ધમકી આપી આરોપીઓએ એકબીજાની મદદગારી કરી પાછળથી પકડાઇ જઇ એ મુજબનો ગુનો કરી ધી ઈ.પી.કો. કલમ 498(ક), 506(2), 114 તથા દહેજ પ્રતિબંધક ધારો કલમ 3, 7 મુજબનો ગુનો કરેલ છે?

(૨) શું હુકમ ?

(૬) આ કામે ઉપરોક્ત મુદ્દાના મારા નિર્ણયો નીચે મુજબ છેઃ

(૧) નકારમાં

(૨) આખરી હુકમ મુજબ

## કારણો

(૭) આ કામે ઉપરના નિર્ણયો પર પહોંચવા માટેના મારા કારણો નીચે મુજબ છેઃ

આ કામે પડેલા પુરાવાઓની ચર્ચા કરીએ તો, આરોપીઓએ બનાવ વખતે બનાવના સમયે આક્ષેપિત ગુનાઓ માટે શું રોલ ભજવ્યો છે ? તે માટે આંક–૧૦ થી ખુદ ભોગ બનનાર ફરીયાદી શમા પરવીન મો. અશરફ મો. સગીર અનસારી નાઓનો સોગંદ ઉપરનો મૌખિક પુરાવો વંચાણે લેતાં, તેમાં તેઓ જણાવે છે કે, " મારા લગ્ન ૨૦૧૧ની સાલમાં મો.અશરફ સાથે થયેલા. લગ્ન બાદ મારા પતિ, સાસુ–સસરા તથા જેઠ–જેઠાણી અમો બધા સંયુક્ત પરિવારમાં રહેતા હતા. મને મારા સાસરી વાળાએ થોડા સમય સુધી સારી રીતે રાખેલ. ત્યારબાદ મારા સાસુ સસરા તથા જેઠ–જેઠાણી તથા પતિ કામકાજની નાની નાની બાબતોમાં મારી સાથે બોલાચાલી કરતા હતા અને મારા પતિ પણ અવારનવાર કામકાજની બાબતે મારી સાથે બોલાચાલી કરતા હોઈ પરંતુ હું મારો ઘર સંસાર બગડે નહિ તેથી બધુ સહન કરતી. પરંતુ મારા સાસરીવાળા અવાર નવાર સતત નાની નાની બાબતોમાં કામકાજ બાબતે મારી સાથે બોલાચાલી અને રોક ટોક કરતા હોઈ મે હાલની આ ફરિયાદ આપેલી. આરોપી મારી સાસરી પક્ષના હોઈ તેઓને હું ઓળખુ છુ. મારે મારા પતિ સાથે છુટાછેડા થઈ ગયેલ છે અને અમો બંને પોતપોતાની રીતે સ્વતંત્ર છીએ. મારે હવે મારા પતિ અને મારા સાસરીવાળા સાથે કોઈ તકરાર કે મનદુઃખ નથી. સામાજિક રીતે સમાધાન કરી અમોએ છુટાછેડા લીધેલ છે જેથી આ કામે વધુ કોઈ લેખિત કે મૌખિક પુરાવો આપવા માગતા નથી. " આરોપીઓ સાથે સમાન્ય બોલાચાલી થયેલી તે સિવાય બીજુ કંઇ બનેલુ નહિ. જેથી આવેશમાં આવીને તેઓએ હાલની ફરિયાદ આપેલ હોવાનું જણાવેલ છે.

ફરીયાદીની બચાવપક્ષ ધ્વારા કરવામાં આવેલ ઉલટતપાસ તેઓ જણાવે છે કે, " એ વાત ખરી છે કે મારે પતિ તથા સાસુ સસરા અને નણંદોઈ, જેઠ–જેઠાણી સાથે સામાન્ય બોલાચાલી થયેલી તે સિવાય બીજુ કંઈ બનેલ નહિ. એ વાત ખરી છે કે ફરિયાદ મારા સગાસંબંધીઓએ લખાવેલી તેમાં મે સહી કરેલી. એ વાત ખરી છે કે મારે સમાજની રીતે સમાધાન કરી છુટાછેડા થઈ ગયેલ છે જેથી મારે હવે મારા પતિ અને મારા સાસરીવાળા સાથે કોઈ તકરાર કે મનદુઃખ નથી. "

(૮) ઉપરોક્ત તમામ હકીકત અને સંજોગો તેમજ ફરીયાદપક્ષ તરફે રજુ થયેલ મૌખિક પુરાવો ધ્યાને લેવામાં આવેલ છે. પ્રસ્તુત કામે ફરીયાદપક્ષ તરફે તપાસવામાં આવેલ ખુદ ફરીયાદીનો પુરાવો ધ્યાને લેવામાં આવે તો, તેઓ ફરીયાદપક્ષના કેસની હકીકતોને લેશમાત્ર સમર્થન કરતા નથી અને ફરી ગયેલા સાહેદ તરીકે જાહેર થયેલ છે અને વિ.એ.પી.પી.શ્રી ધ્વારા લેવામાં આવેલ ઉલટતપાસમાં પણ

આંક–૧૧ વાળી ફરીયાદની હકીકતોને લેશમાત્ર સમર્થન કરેલ નથી. ખુદ ફરીયાદીએ જ પોતાની સરતપાસમાં આરોપીઓએ કોઈ માનસિક ત્રાસ આપેલ ન હોવાનું ફલિત થાય છે અને પક્ષકારોએ સમાધાનનો રાહ અપનાવેલ છે. આમ, આ કામે હવે વધુ કોઈ પુરાવો રજુ કરવાથી પણ કોઈ અર્થ સરે તેમ નથી. એકંદરે રજુ થયેલ સમગ્ર પુરાવો ધ્યાને લેવામાં આવે તો, ફરીયાદપક્ષ આરોપીઓ સામેના આક્ષેપ મુજબનો ઈ.પી.કો.કલમ– 498(ક), 506(2), 114 તથા દહેજ પ્રતિબંધક ધારો કલમ 3, 7 અન્વયેનો ગુનો પુરવાર કરવામાં સદંતર નિષ્ફળ નિવડેલ હોઈ આરોપીઓને સદર ગુનામાંથી નિર્દોષ ઠરાવી છોડી મુકવા વ્યાજબી, ન્યાયી અને ઉચિત જણાતું હોઈ મુદ્દા નં.૧ નો જવાબ નકારમાં ઠરાવી મુદ્દા નં.૨ નો આખરી હુકમ નીચે મુજબ કરુ છું.

**<u>હુકમ</u>**

આ કામે આરોપી 1) મોહમંદ અસલમ સગીર અહેમદ અંસારી 2) શબનમ મોહમંદ અસલમ અંસારી બંને રહે – મ.નં–૧૨૧, હલીમબાઈની ચાલી, ઉકા સિનેમા રોડ, ગોમતીપુર, અમદાવાદ 3) શહેનશાહ સગીર અહેમદ અંસારી રહે – મ.નં–૨૬, દેવીપ્રસાદ ની ચાલી, ઉકા સિનેમા રોડ, ગોમતીપુર, અમદાવાદ 4) શાફીઉદ્દીન @ સજ્જનભાઈ નિજામુદ્દીન અંસારી રહે – ૧૧૩/૫૯૧, ગુ.હા.બોર્ડ, બાપુનગર, અમદાવાદ 5) મહમંદ અશરફ મોહમંદ સગીર અંસારી રહે – મ.નં–૬૨, બાઈહલીમાની ચાલી, ઉકા સિનેમા સામે, ગોમતીપુર, અમદાવાદ નાઓને તેમની સામેના ઈ.પી.કો. કલમ– 498(ક), 506(2), 114 તથા દહેજ પ્રતિબંધક ધારો કલમ 3, 7 મુજબના ગુનામાંથી ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ–૨૪૮(૧) અન્વયે નિર્દોષ ઠરાવી છોડી મુકવાનો હુકમ કરવામાં આવે છે.

આરોપીએ ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ–૪૩૭(એ) મુજબ અપીલ સમય સુધીના જામીન તેમજ તેટલી જ રકમના જાતમુચરકા આપવાના રહેશે.

હુકમ આજરોજ વાંચી, સંભળાવી, સહી કરી ખુલ્લી અદાલતમાં જાહેર કર્યો.

તારીખઃ ૧૪/૦૭/૨૦૨૩
અમદાવાદ.

(હીના જીતેન્દ્રભાઈ બ્રહ્મભટ્ટ)
એડી. ચીફ મેટ્રોપોલીટન મેજીસ્ટ્રેટ,
કોર્ટ નં. ૪, અમદાવાદ.
યુનિક કોડ નં. જીજે-૦૧૧૭૨